# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૫ તા.૨-૭-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

**વિષય :-ડીઝીટલ ઈન્ડીયા વીકની ઉજવણી બાબત..**

**સંદર્ભ :-(૧) માનવ સંશાધન મંત્રાલયના સ્કૂલ શિક્ષા અને સાક્ષરતા વિભાગના પત્ર ક્રમાંક નં.૧૧-૨૪ / ૨૦૧૪ sch.5- તા.૨૬-૬-૨૦૧૫**

**(૨) નિયામકશ્રી ના પત્રક્રમાંક જી.આઈ.ઈ.ટી /પ્રોડકશન/૨૦૧૫/૧૮૭૨-૧૮૯૭ તા.૨૯-૬-૧૫**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ દ્વારા તા.૧-૭-૧૫ના રોજથી ડીઝીટલ ઈન્ડીયા કાર્યક્રમ શરૂ કરવામાં આવી રહ્યો છે. જે અન્વયે રાજયથી લઈને ગ્રામ્ય કક્ષા સુધી એમ વિવિધ કક્ષાએ એક અઠવાડિયા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે 'સાયબર સેફટી અને સાયબર વેલનેસ' વિષય પર ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધા તા.૧-૭-૧૫ થી તા.૭-૭-૧૫ દરમ્યાન www.digitalindia.gov.in વેબસાઈટ પર યોજવામાં આવશે. આ સ્પર્ધા અંગેની વિગતો વેબસાઈટ પર ઉપલ્બધ છે. સ્પર્ધામાં ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થી ''certificate of participation'' વેબસાઈટ પરથી ડાઉનલોડ / ઈ-મેઈલ મારફતે મેળવી શકશે તેમજ રાજ્યકક્ષાએ વિજેતા થયેલ ચાર વિદ્યાર્થીઓને(ધો.૬ થી ૮ એક કુમાર અને એક કન્યા) રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે. આ સ્પર્ધા સરકારી, ગ્રાન્ટ ઈન-એઈડ તેમજ સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

આ સ્પર્ધા અંગે રસ ધરાવતા વિશિષ્ટ કાર્ય કરી રહેલા શિક્ષકો દ્વારા આવા વિદ્યાર્થીઓને આ અંગેની ખાસ જાણ કરી આ બાબતનો બહોળો પ્રચાર-પ્રસાર શાળાકક્ષાએ થાય તથા મ્યુનિ. શાળાના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં ભાગ લઈ યશસ્વી દેખાવ કરે તેવા પ્રયત્નો હાથ ધરશો.

તા.૨-૭-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી